

P.07

આલિયા ભટ્ટના સાળાના લગ્નમાં ભારતીય મહિલા તરીકે કરીના કપૂર ચમકી


ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૦૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : વૈશાખ વદ ૧૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

…tor : Avesh K Malaviya • Year : 03 • Issue : 305 • Dt.09-06-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, …strinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


P.07

ફરાહ ખાન અને તેનો રસોઈયો દિલીપ એરપોર્ટ પર જોવા મળ્યા હતા



પૂર્વોત્તર રાજ્યો આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, સિક્કિમ, નાગાલેન્ડમાં વરસાદનો કહેર 07



09
JUNE- 2025
MONDAY



07 ઇઝરાયલે થાઈ બંધકનો મૃતદેહ મેળવ્યો, ગાઝા પર હવાઈ હુમલા ચાલુ, નવા હુમલામાં ૯૫ લોકોના મોત

**ગુજરાતના રાજકોટ શહેરમાં કોરોનો કહેર, ૨૪ કલાકમાં કેસમાં તોતિંગ વધારો**

છેલ્લા ૨૪ કલાકમાં, કિશાનપરા, પ્રગતિ સોસાયટી, નેહરુનગર, સરકારી વસાહત ક્વાર્ટર, શક્તિ સોસાયટી, ભોમેશ્વર, હરીનગર અને એ.જી. સોસાયટી પાસેના વિસ્તારોમાં વધુ નવ નવા કેસ નોંધાયા । ૨૦ દિવસમાં ૧૦૨ કેસ નોંધાયા છે. દર્દીઓમાં ૫૦ યુવાનોનો પણ સમાવેશ થાય છે

# રાજકોટની ૭૦ સોસાયટીમાં ફેલાયો કોરોના વાયરસ

**રેસકોર્સ, રામકૃષ્ણ, રૈયારોડ સહિતના વિસ્તારોમાં કોરોનાના બે થી ચાર કેસ નોંધાયા । સૌથી વધુ વોર્ડ નંબર ૮ માં ૨૧ કોરોના દર્દીઓ નોંધાયા । મોટાભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી**

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૮ ।

રાજકોટમાં કોરોનાએ હાફ સેન્ચ્યુરી વટાવી છે. છેલ્લા ૨૪ કલાકમાં, કિશાનપરા, પ્રગતિ સોસાયટી, નેહરુનગર, સરકારી વસાહત ક્વાર્ટર, શક્તિ સોસાયટી, ભોમેશ્વર, હરીનગર અને એ.જી. સોસાયટી પાસેના વિસ્તારોમાં વધુ નવ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ રાજકોટ શહેરમાં કુલ સક્રિય કેસનો આંક ૫૧ પર પહોંચ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટની વિવિધ ૭૦ સોસાયટીઓ સુધી કોરોના ફેલાયો છે. ૨૦ દિવસમાં ૧૦૨ કેસ નોંધાયા છે. દર્દીઓમાં ૫૦ યુવાનોનો પણ સમાવેશ થાય છે. રેસકોર્સ, રામકૃષ્ણ, રૈયારોડ સહિતના વિસ્તારોમાં કોરોનાના બે થી ચાર કેસ નોંધાયા છે. સૌથી વધુ વોર્ડ નંબર ૮ માં ૨૧ કોરોના દર્દીઓ નોંધાયા છે. મોટાભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી છે. કોરોના સંક્રમિત દર્દીઓ વધતા આરોગ્ય તંત્રની ચિંતામાં પણ વધારો થયો છે.બીજી તરફ, સુરત શહેરમાં કોવિડના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં ૬ દર્દીના કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અડાજણના BOBના કર્મી, પાર્લેપોઈન્ટની મહિલા ફેશન ડિઝાઈનર કોરોના પોઝિટિવ આવ્યા. રૂસ્તમપુરાના યુવાન સોફ્ટવેર એન્જિનિયર કોવિડ પોઝિટિવ નોંધાયો. સુરત શહેરમાં અત્યાર સુધીમાં કુલ આંકડો ૫૬ પર પહોંચો છે. તમામ દર્દીઓનું સેમ્પલ સરકારની ગાઈડલાઈન મુજબ જિનોમ સિક્વન્સિંગ માટે જીબીઆરસી ગાંધીનગર ખાતે મોકલાયા છે.



### શહેરમાં ૬ દર્દીના કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યા

વડોદરા શહેરમાં કોરોનાએ ફરી એકવાર દસ્તક આપી છે. કોરોનાના નવા ૬ કેસ સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. એસએસજી હોસ્પિટલના આરએમઓ ડૉ હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું કે, કોરોનામાં અગાઉ જે નિયમોનું પાલન કર્યું હતું તે નિયમો નું હવે ફરી પાલન કરવું. માસ્ક પહેરવું, સોશ્યિલ ડિસ્ટટ જાળવવું, ભીડભાળ વાળા સ્થળે જવાનું ટાળવું. આ વેરિઅન્ટ એટલો ખતરનાક નથી પરંતુ તકેદારી લેવી જરૂરી છે. એસએસજી હોસ્પિટલ તમામ પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ છે. હોસ્પિટલ પાસે ઓક્સિજન અને દવાઓ પૂરતી માત્રામાં છે અને સ્ટાફને પણ સૂચના આપી દેવામાં આવી છે.

**મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી રાજ્યની ૧૪૯**

## નગર પાલિકાઓની કેટેગરી મુજબ ૧ કરોડ થી ૪૦ લાખ રૂપિયા સુધીની ગ્રાન્ટ ફાળવાશે

**ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદને પરિણામે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થવું સંભવિત**

। ગાંધીનગર, તા.૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થાય તો રિસરફેસ અને રિપેરીંગ કામગીરી તાકીદે શરૂ થઈ શકે તેવું આગોતરું આયોજન કર્યું છે.આ હેતુસર, મુખ્યમંત્રીએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી રાજ્યની ૧૪૯ નાગરપાલિકાઓને કુલ ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદને પરિણામે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થવું સંભવિત છે. નુકસાન પામેલા આવા રસ્તાઓનું વહેલી તકે રિસરફેસિંગ અને રિપેરીંગ કરીને નગરોમાં વધુ માર્ગ સલામતી તથા સારા રસ્તાની સુવિધા મળી રહે તેવો જનહિત અભિગમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે.એટલું જ નહિં, જે નગરોમાં રસ્તાઓની પ્રવર્તમાન સ્થિતિ ગટર, પીવાના પાણી માટેની પાઈપલાઈન સહિતના કામો માટે રસ્તાઓના ખોદકામના કારણે પણ જો સારી ન હોય તો તેવા નગરોમાં ચોમાસા પૂર્વે રોડ રિપેરિંગ માટે સંબંધિત નગરપાલિકાઓની માંગણી અનુસાર રાજ્ય સરકાર નાણાં ફાળવણી કરે છે.મુખ્યમંત્રીએ રાજ્યની નગરપાલિકાઓને રોડ રિપેરીંગ-રિસરફેસિંગ માટેના આગોતરા આયોજનના ભાગરૂપે નગરપાલિકાઓના વર્ગ મુજબ ગ્રાન્ટ ફાળવવાની મંજૂરી આપી છે.







### કડી વિધાનસભાની પેટાચૂંટણી ૧૯ જૂનના રોજ યોજાવા જઈ રહી છે

# કડીના જયદેવપુરાના લોકોનો ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય

**ચૂંટણીને લઈને ગ્રામજનોએ એક બેઠક બોલાવી હતી. જેમાં સર્વ સંમતિથી પેટા ચૂંટણીમાં મતદાન ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો**

। પ્રતિનિધિ, કડી, તા.૮ ।

કડી વિધાનસભાની પેટાચૂંટણી ૧૯ જૂનના રોજ યોજાવા જઈ રહી છે, ત્યારે જયદેવપુરા ગામના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચૂંટણીને લઈને ગ્રામજનોએ એક બેઠક બોલાવી હતી. જેમાં સર્વ સંમતિથી પેટા ચૂંટણીમાં મતદાન ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.. ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે કે, ગામમાં કોઈ વિકાસ કાર્યો નથી થયા.. ડ્રેનેજ, રોડ, વરસાદી પાણીનો નિકાલ અને રિ-સરવે જેવા પડતર પ્રશ્નોનું આજ સુધી નિરાકરણ નથી આવ્યું.. તેવામાં ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે, પડતર પ્રશ્નોનું સમાધાન થશે તો જ ગામના લોકો મતદાન કરશે.. નહિતર કડી વિધાનસભાની પેટા ચૂંટણીમાં મતદાન કરવા નહીં જાય..મહેસાણાની કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં કોંગ્રેસના રમેશ ચાવડા, આમ આદમી પાર્ટીના જગદીશ ચાવડા અને ભાજપના રાજેન્દ્ર ચાવડા વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાશે.કડી બેઠક વર્ષ ૨૦૧૨માં અનુસૂચિત જાતિ અનામત બેઠક તરીકે અસ્તિત્વમાં આવી હતી. આ બેઠક પર વર્ષ ૨૦૧૨માં કોંગ્રેસના રમેશ ચાવડા ભાજપના હીતુ કનોડિયાને હરાવી વિજયી બન્યા હતા. વર્ષ ૨૦૧૭માં ભાજપના સ્વ. કરશન સોલંકીએ કોંગ્રેસના સિટિંગ ધારાસભ્ય



રમેશ ચાવડાને હરાવ્યા હતા અને વર્ષ ૨૦૨૨માં ભાજપે રિપીટ કરેલ સ્વ. કરશન સોલંકીએ કોંગ્રેસના પ્રવીણ પરમારને હરાવ્યા હતા. વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં સિટિંગ ધારાસભ્ય કરશન સોલંકીનું અકાળે અવસાન થતાં બેઠક ખાલી થઈ હતી, જેના માટે હવે ચૂંટણી જાહેર કરવામાં આવી છે. કડી વિધાનસભાની પેટાચૂંટણી ૧૯ જૂનના રોજ યોજાવા જઈ રહી છે, ત્યારે જયદેવપુરા ગામના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચૂંટણીને લઈને ગ્રામજનોએ એક બેઠક બોલાવી હતી. જેમાં સર્વ સંમતિથી પેટા ચૂંટણીમાં મતદાન ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.. ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે કે, ગામમાં કોઈ વિકાસ કાર્યો નથી થયા.. ડ્રેનેજ, રોડ, વરસાદી પાણીનો નિકાલ અને રિ-સરવે જેવા પડતર પ્રશ્નોનું આજ સુધી નિરાકરણ નથી આવ્યું.. તેવામાં ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે, પડતર પ્રશ્નોનું સમાધાન થશે તો જ ગામના લોકો મતદાન કરશે.. નહિતર કડી વિધાનસભાની પેટા ચૂંટણીમાં મતદાન કરવા નહીં જાય..

## સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈવે પર ગમખ્વાર અકસ્માત, ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૮ ।

ગુજરાતમાં માર્ગ અકસ્માતો અને તેમાં મૃત્યુઆંક સતત વધી રહ્યા છે. આ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાંથી વધુ એક અકસ્માત પ્રકાશમાં આવ્યો છે. સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈવે પર બાઈક અને ટ્રક વચ્ચે થયેલી ભયાનક ટક્કરમાં ત્રણ યુવાનોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. હાલમાં પોલીસે ત્રણેય યુવાનોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી દીધા છે અને વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, સુરેન્દ્રનગરથી ધ્રાંગધ્રા જઈ રહેલા યુવાનોનું બાઈક મોડી રાત્રે દૂધરેજ ફાટક પાસે એક ટ્રક સાથે અથડાયું હતું. અકસ્માત એટલો ભયંકર હતો કે બાઈક સંપૂર્ણપણે નુકસાન થયું હતું. અકસ્માતમાં બાઈક સવાર ત્રણેય યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

## વડોદરામાં આઇસરે બાઈકને ટક્કર મારતા બે યુવાનોના કરુણ મોત

। પ્રતિનિધિ, વડોદરા, તા.૮ ।

વડોદરાના સાવલી તાલુકાના રાણીયા ગામ પાસે એક આઈસર ટ્રકે બાઈકને ટક્કર મારતા બાબરીના પ્રસંગમાં જતા બે યુવાનોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ અંગેની વિગત એવી છે કે ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં કંથરાઈ ગામે રહેતા મહેશ નરવતસિંહ ચૌહાણ ઉંમર વર્ષ ૩૫ તેમજ કેતન મહેન્દ્રસિંહ પરમાર ઉંમર વર્ષ ૧૯ બંને બાઈક લઈને ઘેરથી નીકળી વડોદરા નજીક આવેલા સાકરદા ગામે બાબરીમાં જતા હતા. તે વખતે રાણિયા ગામ પાસે મહાદેવ ત્રણ રસ્તા નજીક આવતા એક આઈસરે બાઈકને જોરદાર ટક્કર મારતા બંને યુવાનો રોડ પર ફંગોળાયા હતા અને બંનેના ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યા હતા અકસ્માત બાદ આઈસર મૂકીને ચાલક ફરાર થઈ ગયો હતો. બંનેના ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યા હતા અકસ્માત બાદ આઈસર મૂકીને ચાલક ફરાર થઈ ગયો હતો.

## વડોદરાના કારેલીબાગમાંથી દારૂનું ગોડાઉન પકડાયું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૮ ।

વડોદરાના કારેલીબાગમાં આમ્રપાલી કોમ્પલેક્ષની પાછળ વિઠ્ઠલ કૃપા સોસાયટીમાં રહેતો ભાવિન જાદવ વિદેશી દારૂનો ધંધો કરતો હોવાની માહિતી પીસીબી પોલીસને મળી હતી. જેથી પીસીબી પોલીસે ઉપરોક્ત સ્થળે રેડ કરતા ઘરમાંથી ભાવિન દિલીપ રાવ જાદવ (રહે-વિઠ્ઠલ કૃપા સોસાયટી, મૂળ રહે-નારાયણ કોમ્પલેક્ષ કારેલીબાગ) મળી આવ્યો હતો. તેની સાથે અન્ય આરોપી દેવ ઉર્ફે પીંશુ વિપુલભાઈ ચૌધરી (રહે-શિવાજી ચોક, સલાટ વાડા) પણ મળી આવ્યો હતો. મકાનમાંથી પ્લાસ્ટિકની ચાર ડોલ અને ડ્રમ મળી આવ્યા હતા જેમાં વિદેશી દારૂનો જથ્થો હતો. પોલીસે પૂછપરછ કરતા દેવ ઉર્ફે પીંશુએ જણાવ્યું હતું કે કારેલીબાગ આરબીજી કોમ્પલેક્ષમાં રહેતો પીનેશ રાણા દારૂનો ધંધો ચલાવે છે અને માલની ડીલીવરી આપવા માટે તેણે મને કાર આપી હતી. મને માસિક ૧૫૦૦૦ રૂપિયા પગાર આપતો હતો. ભાવિનને માસિક ૩૦૦૦૦ રૂપિયા પગાર ચૂકવતો હતો. પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી દારૂની ૫૪૨ બોટલ કિંમત રૂપિયા ૧.૯૯ લાખ તથા બિયરના ૧૬૯ ટીન કિંમત રૂપિયા ૩૭,૧૮૦ મળી કુલ ૨.૩૬ લાખનો દારૂનો જથ્થો કર્યો છે. જ્યારે દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતી બે કાર અને રોકડા મળી કુલ ૪.૭૮ લાખનો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે.

### કચ્છના દરિયાકાંઠેની બિનવરસી ડ્રગ્સ મળી આવે છે

# અબડાસાના દરિયાકાંઠેથી ૨ પેકેટ લાઇસન્સ વિનાના ડ્રગ્સ મળી આવ્યા

। પ્રતિનિધિ, ભુજ,તા.૮ ।

ગુજરાતના દરિયાકાંઠેથી અવાર-નવાર ડ્રગ્સ મળી આવતું હોય છે. જેમાં ખાસ કરી કચ્છના દરિયાકાંઠેની બિનવરસી ડ્રગ્સ મળી આવે છે. આ ક્રમમાં ફરી એકવાર કચ્છના દરિયાકાંઠે ડ્રગ્સ મળી આવ્યું છે. અબડાસાના દરિયાકાંઠેથી ૨ પેકેટ લાઈસન્સ વિનાના ડ્રગ્સ મળી આવ્યા છે. પેટ્રોલિંગ દરમિયાન BSF જવાનોને લુણા બેટ વિસ્તારમાંથી ડ્રગ્સના પેકેટ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા ડ્રગ્સના પેકેટ જખૌ મરીન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.અગાઉ બે દિવસ પહેલા લખપતના રોડાસર-મેડી નજીક દરિયાકાંઠેથી ૭ ડ્રગ પેકેટ મળી આવ્યા હતા.



પેટ્રોલિંગ દરમિયાન BSF જવાનોને આ ડ્રગ પેકેટ મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું. હવે લાઈસન્સ વિનાના ડ્રગ પેકેટ જપ્ત કરીને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે કચ્છના દરિયાકાંઠેથી અગાઉ પણ ઘણી વખત લાઈસન્સ વિનાના ડ્રગ પેકેટ મળી આવ્યા છે. નોંધનીય છે કે, કચ્છના દરિયાકાંઠેથી અગાઉ પણ અનેક વાર બિનવરસી ડ્રગ્સના પેકેટ મળી આવ્યા છે ગુજરાતના દરિયાકાંઠેથી અવાર-નવાર ડ્રગ્સ મળી આવતું હોય છે. જેમાં ખાસ કરી કચ્છના દરિયાકાંઠેની બિનવરસી ડ્રગ્સ મળી આવે છે.

આ ક્રમમાં ફરી એકવાર કચ્છના દરિયાકાંઠે ડ્રગ્સ મળી આવ્યું છે. અબડાસાના દરિયાકાંઠેથી ૨ પેકેટ લાઈસન્સ વિનાના ડ્રગ્સ મળી આવ્યા છે. પેટ્રોલિંગ દરમિયાન [illegible] જવાનોને લુણા બેટ વિસ્તારમાંથી ડ્રગ્સના પેકેટ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા ડ્રગ્સના પેકેટ જખૌ મરીન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.અગાઉ બે દિવસ પહેલા લખપતના રોડાસર-મેડી નજીક દરિયાકાંઠેથી ૭ ડ્રગ પેકેટ મળી આવ્યા હતા. પેટ્રોલિંગ દરમિયાન BSF જવાનોને આ ડ્રગ પેકેટ મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું. હવે લાઈસન્સ વિનાના ડ્રગ પેકેટ જપ્ત કરીને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે કચ્છના દરિયાકાંઠેથી અગાઉ પણ ઘણી વખત લાઈસન્સ વિનાના ડ્રગ પેકેટ મળી આવ્યા છે.

## અમદાવાદમાં વોન્ટેડ આરોપીની ધમકી, 'પોલીસ ધરપકડ કરશે તો પાંચમાં માળેથી કૂદી જઇશ'

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

ગુજરાતના અમદાવાદના ઓઢવ વિસ્તારમાં પોલીસ અને આરોપી વચ્ચે એક ફિલ્મી દ્રશ્ય સર્જાયું છે. જેમાં વોન્ટેડ આરોપીને પકડવા પહોંચેલી આરોપીને પોલીસે પાંચમા માળેથી કૂદી જવાની ધમકી આપી છે. આ ઘટનાથી આસપાસના લોકો ભેગા થઈ ગયા છે. પોલીસ હાલ આરોપીને નીચે ઉતરવા માટે સમજાવી રહી છે અને તેની ધરપકડ માટે પ્રયાસ હાથ ધર્યા છે. જોકે, પોલીસ અને ફાયરની ટીમ દ્વારા એક કલાકથી વધુની ભારે જહેમત બાદ આરોપીને ઝડપી લેવાયો છે. સમગ્ર ઘટનામાં કોઈ દુર્ઘટના સર્જાઈ નથી.મળતી માહિતી મુજબ, અમદાવાદના ઓઢવ વિસ્તારમાં પોલીસ એક વોન્ટેડ આરોપની ધરપકડ કરવા માટે શિવમ આવાસ યોજનાના ફ્લેટમાં પહોંચી હતી. આ આરોપીનું નામ અભિષેક તોમર હોવાનું સામે આવ્યું છે. આરોપીએ પહેલાં પોલીસથી બચવા માટે ભાગવાનો પ્રયાસ કર્યો હતો જોકે, તેમાં તે સફળ ન થતાં તેણે પાંચમાં માળેથી ગેલેરી દ્વારા બહારના ડક પર આવી ગયો હતો. અહીં પહોંચ્યા બાદ કોઈ રસ્તો ન દેખાતા આરોપીએ પોલીસને ધમકી આપવાનું શરૂ કરી દીધું હતુ. આરોપી પોલીસને ધમકી આપી રહ્યો હતો કે, જો તમે મારી ધરપકડ કરી તો હું પાંચમા માળેથી પડતું મૂકી આત્મહત્યા કરી દઈશ.

## વિકૃત આધેડનું દુષ્કૃત્ય : લિફ્ટમાં સગીરાને અડપલા કર્યા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૮ ।

વડોદરાના પાદરા તાલુકામાં દિકરીની ઉંમરની સગીરા જોડે આધેડે ઘરની બહાર લિફ્ટમાં અડપલાં કર્યા હતા. એટલું જ નહીં સગીરા શાળામાં ભણવા જાય ત્યારે તે તેનો પીછો કરતો હતો, અને તેને આંખો અને હાથથી ગંદા ઈશારા કરતા મામલો પોલીસ મથક પહોંચ્યો છે.

પાદરા પોલીસ સ્ટેશનમાં મનોજ ભીખાભાઈ પટેલ (ઉં. ૪૨) (રહે.પાતળીયા હનુમાન રોડ, પાદરા) વિરૂદ્ધ પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જાન્યુઆરી માસમાં સગીરાના ઘર બહાર અડપલા કરીને વિકૃતિ આચરી હતી. ત્યાર બાદ સગીરા શાળામાં ભણવા જાય ત્યારે તે આવતા-જતા રસ્તા પર તેનો પીછો કરતો હતો. અને આંખો તેમજ હાથ વડે ગંદા ઈશારા કરીને સતામણી કરતો હતો. અપશબ્દો બોલી વાળ પકડીને માર માર્યો હતો.

સગીરાના ઘરની બહાર ઉભા રહીને અવાર નવાર સતત હોર્ન મારીને પરેશાન કરતો હતો. તેના ઘરે ઠપકો આપવા જતા તેણે સગીરા જોડે ગેરવર્તણુંક કરી હતી. અને ગમે તેમ ગાળો બોલીને વાળ પકડીને માર માર્યો હતો. વડોદરાના પાદરા તાલુકામાં દિકરીની ઉંમરની સગીરા જોડે આધેડે ઘરની બહાર લિફ્ટમાં અડપલાં કર્યા હતા.



### શંકરસિંહ વાઘેલાએ ગુજરાત પેટા ચૂંટણીઓ અંગે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર આકરા પ્રહારો કર્યા

# ૩૦ વર્ષમાં ભાજપ કાટવાળું થઈ ગયું છે,૩૦ વર્ષની સત્તા પછી પરિવર્તન જરૂરી બની ગયું છે,શંકરસિંહ

## વાઘેલાએ વધુમાં કહ્યું, "અમે હંમેશા લોકોના હિતમાં કામ કર્યુ છે, પછી ભલે તે ગુજરાત હોય કે દિલ્હી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૮ ।

પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના વડા અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ગુજરાત પેટા ચૂંટણીઓ અંગે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે લોકોને ભાજપને મત ન આપવા અપીલ કરી છે.



તેમણે કહ્યું, "ભાજપ ૩૦ વર્ષથી સત્તામાં છે, આ સમય દરમિયાન લોખંડ પણ કાટ ખાઈ જાય છે અને ધૂળમાં ફેરવાઈ જાય છે. લોકો વારંવાર ભાજપમાં પાછા ફરે છે કારણ કે તેમની પાસે કોઈ મજબૂત વિકલ્પ નથી." તેમણે ગુજરાતના લોકોને આ વખતે વિકલ્પ ને તક આપવા અને પરિવર્તનની શરૂઆત કરવાની અપીલ કરી.

વાઘેલાએ વધુમાં કહ્યું, "અમે હંમેશા લોકોના હિતમાં કામ કર્યું છે, પછી ભલે તે ગુજરાત હોય કે દિલ્હી. અમારું કોઈ અંગત જીવન નથી, અમે સંપૂર્ણપણે જાહેર સેવા માટે સમર્પિત છીએ. વાસ્તવિક લોકશાહી 'લોકોના માટે, લોકો દ્વારા, લોકોનું' છે અને અમે એ જ વિચારસરણી સાથે રાજકારણમાં છીએ. હવે સમય આવી ગયો છે કે લોકોએ ભાજપમાંથી બહાર આવીને નવી દિશામાં વિચારવાની જરૂર છે."

વાઘેલાએ કહ્યું, 'એકવાર તમે ભાજપને હરાવી દો છો, તો તે ગુજરાતના રાજકારણમાં કોઈ નુકસાન નહીં કરે પણ તમારું મૂલ્ય ફક્ત વધશે.' તેમણે કડી અને વિસાવદર વિધાનસભા મતવિસ્તારના મતદારોને ખાસ અપીલ કરતા કહ્યું, "તમારો મત ફક્ત બે બેઠકો માટે નથી, પરંતુ ગુજરાતના ૭.૨૫ થી ૮ કરોડ લોકોના દુઃખ તમારા હાથમાં છે."તમને જણાવી દઈએ કે ગુજરાતની કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણીઓ ૧૯ જૂને યોજાશે અને મતગણતરી ૨૩ જૂને થશે. ચૂંટણી પંચે આ સંદર્ભમાં એક જાહેરનામું બહાર પાડ્યું છે. આ બેઠકોના પરિણામો રાજ્યની રાજકીય દિશાનો સૂચક હોઈ શકે છે અને વિરોધ પક્ષો માટે નવા રસ્તા ખોલી શકે છે. પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના વડા અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ગુજરાત પેટા ચૂંટણીઓ અંગે ભારતીય જનતા પ ાર્ટી (ભાજપ) પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે લોકોને ભાજપને મત ન આપવા અપીલ કરી છે.તેમણે કહ્યું, "ભાજપ ૩૦ વર્ષથી સત્તામાં છે, આ સમય દરમિયાન લોખંડ પણ કાટ ખાઈ જાય છે અને ધૂળમાં ફેરવાઈ જાય છે. લોકો વારંવાર ભાજપમાં પાછા ફરે છે કારણ કે તેમની પાસે કોઈ મજબૂત વિકલ્પ નથી." તેમણે ગુજરાતના લોકોને આ વખતે વિકલ્પને તક આપવા અને પરિવર્તનની શરૂઆત કરવાની અપ ીલ કરી.વાઘેલાએ વધુમાં કહ્યું, "અમે હંમેશા લોકોના હિતમાં કામ કર્યું છે, પછી ભલે તે ગુજરાત હોય કે દિલ્હી. અમારું કોઈ અંગત જીવન નથી, અમે સંપૂર્ણપણે જાહેર સેવા માટે સમર્પિત છીએ. "ભાજપ ૩૦ વર્ષથી સત્તામાં છે, આ સમય દરમિયાન લોખંડ પણ કાટ ખાઈ જાય છે અને ધૂળમાં ફેરવાઈ જાય છે.

### સુરતમાં આપઘાતના કિસ્સા વધી રહ્યાં છે

# સુરતમાં ૧૫ દિવસમાં બીજી મોડલનો આપઘાત, બે યુવકોએ આર્થિક તંગીથી કંટાળીને મોત વ્હાલું કર્યું

। પ્રતિનિધિ, સુરત, તા.૮ ।

સુરતમાં આપઘાતના કિસ્સા વધી રહ્યાં છે. સુરતમાં વધુ એક મોડલે આપ ઘાત કર્યો છે. સુરતમાં ૧૫ દિવસમાં મોડલના આપઘાતનો આ બીજો કિસ્સો છે. ૨૩ વર્ષીય અંજલી વરમોરા નામની મોડેલે આપઘાત કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસારક ૨૩ વર્ષીય અંજલી વરમોરાએ પંખા સાથે દુપટ્ટો બાંધી મોત વ્હાલુ કર્યું છે. માનસિક તણાવમાં આવી મોડલે આ પગલું ભર્યું હોવાનું અનુમાન છે. અઠવા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, હજી થોડા દિવસ પહેલા જ સુરતની એક મોડલે આપઘાત કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આત્મહત્યાનું કારણ પ્રેમ પ્રકરણ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અંજલી વરમોરાની છેલ્લી સોશિયલ મીડિયા પોસ્ટ, જે હાલમાં વાયરલ થઈ રહી છે. તેમાં તેણે લખ્યું હતું કે, "આજે તે અહેસાસ કરાવી જ દીધો કે હું કઈજ નથી તારા માટે..." આ પોસ્ટે આ ઘટનાને વધુ રહસ્યમય બનાવી દીધી છે અને લોકોમાં અનેક પ્રશ્નો ઉભા કર્યા છે.આર્થિક સંકડામણને કારણે સુરતના રત્ન કલાકારે આપઘાત કર્યો છે. જહાંગીરપુરામાં યુવાન રત્નકલાકારે ફાંસો ખાંઈ જીવન ટુંકાવી લીધું છે. છેલ્લા બે વર્ષથી શેરબજાર અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાન થયું હતું. આર્થિક સંકડામણના કારણે યુવકે આપઘાતનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

## રાજકોટમાં હીટ એન્ડ રન,કાર ચાલકે મોટરસાયકલને ટક્કર મારતા વૃધ્ધનું મોત

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૮ ।

રાજકોટમાં વધુ એક અકસ્માતમાં વૃધ્ધે જીવ ગુમાવ્યો છે. હીટ એન્ડ રનના આ બનાવમાં કાર ચાલકે મોટરસાયકલને ટક્કર મારતા ૬૫ વર્ષીય વૃધ્ધનું મોત નીપજ્યું હતું. રાજકોટના લીમડા ચોક પાસે બનેલા આ બનાવમાં વહેલી સવારે એક બેફામ કારચાલકે ૬૫ વર્ષીય વૃદ્ધને અડફેટે લેતા તેઓનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે કારચાલકને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ કરુણ ઘટનાથી મૃતકના પરિવારજનો, ખાસ કરીને તેમની દીકરીઓ, ઊંડા શોકમાં ગરકાવ થઈ ગઈ છે અને તેમણે રડતા રડતા પપ્પા પાસે જવું છે કહી આક્રોશ ઠાલવ્યો હતો.તેમજ આરોપી સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક વૃદ્ધનું નામ મીઠાભાઈ ધંધુકીયા (ઉંમર ૬૫) છે. તેઓ વહેલી સવારે લીમડા ચોક પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે મીઠાભાઈ હવામાં ફંગોળાઈને જમીન પર પટકાયા હતા.

## રિંકુ સિંહ અને પ્રિયા સરોજની સગાઈ થઈ, ખુશીના પ્રસંગે સાંસદ ભાવુક થઈ ગયા

। પ્રતિનિધિ, લખનૌ, તા.૮ ।

ક્રિકેટર રિંકુ સિંહ અને સાંસદ પ્રિયા સરોજની સગાઈ લખનૌની સેન્ટ્રમ હોટેલમાં થઈ. સમારોહમાં ક્રિકેટ અને રાજકારણની ઘણી જાણીતી હસ્તીઓ હાજર રહી. તેમાં સપાના વડા અખિલેશ યાદવ, ડિમ્પલ યાદવ, જયા બચ્ચન અને પ્રવીણ કુમારનો સમાવેશ થાય છે. હવે રિંકુ અને પ્રિયાની સગાઈની પહેલી તસવીર સામે આવી છે. જેમાં બંને હસતા જોવા મળે છે.રિંકુ સિંહ અને પ્રિયા સરોજ સગાઈ માટે સ્ટેજ પર એકસાથે પ્રવેશ્યા. રિંકુ તેનો હાથ પકડીને જોવા મળી. આ દરમિયાન, પ્રિયાના પિતા તૂફાની સરોજ વ્યવસ્થા સંભાળી રહ્યા હતા અને મહેમાનોનું સ્વાગત કરી રહ્યા હતા. પછી રિંકુએ તેમના પગ સ્પર્શ્યા. જ્યારે રિંકુએ પ્રિયાની આંગળીમાં વીંટી પહેરાવી, ત્યારે તે ભાવુક થઈ ગઈ અને તેની આંખોમાંથી આંસુ વહી ગયા.રિંકુ સિંહ અને પ્રિયા સરોજની સગાઈ માટે એક ખાસ મેનુ પણ બહાર પાડવામાં આવ્યું છે. મેનુમાં બંગાળી રસગુલ્લા, કાજુ પનીર રોલ, પનીર ટિક્કા અને મટર મલાઈનો સમાવેશ થાય છે. આખો મેનુ શાકાહારી છે અને મેનુમાં મોટાભાગના અવધી ખોરાકને મહત્વ આપવામાં આવ્યું છે. વેલકમ ડ્રિંકમાં 'કુહડા' (નાળિયેર આધારિત) શામેલ છે અને શરૂઆતમાં યુરોપિયન, ચાઈનીઝ, એશિયન અને ભારતીય વાનગીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, મુખ્ય કોર્સમાં મલાઈ કોફતા, કઢાઈ પનીર, મિક્સ વેજ, મંચુરિયન, સ્પ્રિંગ રોલ અને નૂડલ્સનો સમાવેશ થાય છે, જે મહેમાનોને પ ીરસવામાં આવશે.પ્રિયા સરોજ ઉત્તર પ્રદેશના મછલીશહરથી સાંસદ છે. તેમણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મછલીશહર બેઠક જીતી હતી અને ભારતીય જનતા પાર્ટીના બીપી સરોજને ૩૫૮૫૦ મતોથી હરાવ્યા હતા. તેમના પિતા તૂફાની સરોજ પણ ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે.






## તંત્રી લેખ..

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ ેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રશ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઈ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારો તરફ હિજરતને રોકવા માટે તરત પગલા જરૂરી બન્યા છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો પાસે એકબાજુ પુરતી સુવિધા નથી.

# જ્યારે સેલ્સમાં મંદી દેખાવવા લાગે

**જો ખરેખર તમે સંઘર્ષ કરી રહ્યા છો તો કોઇ વ્યક્તિની અથવા તો સંબંધીની મદદ ચોક્સપણે લેવી જોઇએ : સફળતા માઇન્ડસેટની વાત**



આજે મોટા ભાગના ક્ષેત્રમાં મંદી જોવા મળે છે. કોઈને કોઈ ક્ષેત્રમાં મંદીને જોઈ શકાય છે. કોઈ પણ કારોબારમાં મંદી આવવા માટેના અનેક કારણો હોય છે. આવી સ્થિતીમાં હિમ્મત સાથે આગળ વધવાની જરૂર રહે છે. જ્યારે સેલ્સ સાથે જોડાયેલા કારોબારમાં મંદી આવવા લાગે ત્યારે શુ કરવુ જોઈએ તેને લઈને હાલમાં જુદા જુદા નિષ્ણાંતોના અભિપ્રાય સપાટી પર આવ્યા છે. આજે આપણે કોઈ પણ ફિલ્ડ પર નજર કરીએ તો મંદીની માર તેને કોઈને કોઈ સમય ચોક્કસપણે ઝેલવી પડી છે તે બાબત ઉભરીને સપાટી પર આવે છે. સેલ્સમાં મંદી આવવાની બાબત ચોક્કસપણે નિરાશાજનક છે. કારણ કે તે કોઈની આજીવિકાના સાધન તરીકે હોય છે. જેથી મોટી સમસ્તા સર્જાઇ જાય છે. જો સેલ્સ થશે નહીં તો પૈસા પણ આવશે નહી. પરંતુ મંદીના સંબંધમાં સૌથી સારી બાબત એ છે કે તે સ્થાયી હોતી નથી. જો મંદીના ગાળામાં થોડાક પણ પ્રયાસ કરવામાં આવે તો સફળતા હાંસલ કરી શકાય છે. મંદીના ગાળામાં થોડીક વધારે મહેનત કરવામાં આવે તો આ નિરાશાજનક દૌરમાંથી બહાર નિકળી શકાય છે. ત્યારબાદ પોતાની સેલ્સને નવી ઉંચાઈ પર લઈ જવામાં સફળતા હાંસલ કરી શકાય છે. સામાન્ય રીતે મંદીથી લોકો નિરાશ થઈ જાય છે. સાથે સાથે મોટિવેશન પણ ખતમ થવા લાગી જાય છે. યાદ રાખવા જેવી બાબત એ છે કે સફળતા માઈન્ડ સેટની વાત છે. જો દિમાદ યોગ્ય જગ્યાએ અને ધ્યાન કેન્દ્રિત કરી શકાશે નહીં તો કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મળી શકે તેમ નથી. જેથી સેલ્સમાં કમી આવી જાય તો પણ એક સેલ્સ પર્સન તરીકે પોતાના ઉદ્ધેશ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધી શકાય છે. સફળતા ન મળે તો પણ ફોકસ્ડ રહેવાની વાત સૌથી મહત્વપૂર્ણ હોય છે. મંદીના ગાળા દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરીને રહેવામાં આવે તે સૌથી ઉપયોગી બાબત હોય છે. જેથી રચનાત્મક અને સકારાત્મક રહેવાની જરૂર હોય છે. જ્યારે પણ સેલ્સ ડાઉન થવા લાગી જાય છે ત્યારે અથવા તો જ્યારે પણ મંદી છવાઈ જાય છે ત્યારે આપણા મનમાં કેટલાક પ્રકારની વાત આવવા લાગી જાય છે. એ વખતે એવા વિચાર આવે છે કે હાલમાં આ કામને બંધ કરી દેવાની જરૂર છે અને થોડોક સમય નિકળવા દેવાની જરૂર છે. પરંતુ આ પ્રકારની વિચારણા ક્યારેય કરવી જોઈએ નહી. કારણ કે જે ચીજો ચાલુ છે તે બંધ કરી દઈશુ તો સ્થિતી વધારે ખરાબ થતી જશે. અને વાપસી કરવાની બાબત ક્યારેય શક્ય બનશે નહી. જે ચીજ સેલ્સને વધારે છે તે ચીજો સતત કરતા રહેવાની જરૂર છે. માત્ર આગળ વધવાના મક્કમ ઈરાદા રાખવાની જરૂર હોય છે. મદદની તલાશ પણ કરી શકાય છે. જો તમે ખરેખર સંઘર્ષ કરી રહ્યા છો તો પરિવારના બીજા સભ્યોની અથવા તો અન્ય કોઈની પાસેથી મદદ લેવાની જરૂર છે. યોગ્ય લોકોની મદદ લેવાની સાથે સાથે તેમની સલાહ પણ ઉપયોગી સાબિત થાય છે. બીજી બાજુ જ્યારે તમે કોઈ બિઝનેસ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છો ત્યારે તેના માટે ખુબ વધારે સવાલ પુછતા રહેવાની જરૂર હોય છે. કારણ આમાંથી જવાબ નિકળીને આવે છે. ખુબ ઓછા એન્ટરપ્રેન્યોર આ બાબત જાણે છે કે સવાલ નવા મોટા વેન્ચર શરૂ કરવાના સૌથી મોટા મનાધ્યમ તરીકે હોય છે. જો તમે કોઈ મોટા કારોબારની શરૂઆત કરવા માટે ઈચ્છુક છો તો સૌથી સારી બાબત સારા વિચાર સપાટી પર પહેલા આવે તે જરૂરી છે.



**ભાગદોડની લાઇફમાં ફિટનેસ માટે લોકોની પાસે સમય નથી ત્યારે**

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# ટેકનોલોજી આરોગ્યનુ ધ્યાન રાખે છે

**ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખી શકાય છે : જુદા જુદા ફિટનેસ સંબંધિત સાધનો બજારમાં ઉપલબ્ધ બન્યા છે**



ભાગદોડની લાઈફમાં કોઈની પાસે ફિટનેસ માટે હાલના સમયમાં સમય નથી. આવી સ્થિતીમાં ટેકનોલોજીની મદદથી તમે તમારી ફિટનેસ પર નજર રાખી શકો છો. ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખીને પોતાની તબિયતની કાળજી લઈ શકાય છે. આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે. વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઈફ રહે છે. જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે. જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે. જેમ કે સ્ટેપ્સ, ડિસ્ટેન્સ અને કેલોરીજનો સમાવેશ થાય છે. કેલોરીજ અંગે માહિતી પુરી પાડે છે. આમાં ગારમીનના મુવ બાર લાગેલા છે જે આપને એક્ટિવ રહેવા માટે ઓડિએબલ એલર્ટસની માહિતી આપે છે,. સાથે સાથે કેટલાક મામલે રિમાઈન્ડ કરે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે તેના સ્લીપ મોડને એપના માધ્યમથી મેન્યુઅલી સેટ કરવાની જરૂર પડે છે. શ્યાઓમીના એમઆઈ બેન્ડ સૌથી સસ્તા અને વિયરેબલ ટ્રેકર તરીકે છે. આ આશ્ચર્યજનક રીતે ખુબ શાનદાર રીતે કામ કરે છે. તેમા ડિસ્પ્લે નહી પરંતુ તે વાયરલેસલી આરોગ્ય સાથે સંબંધિત તમામ ડેટા સ્માર્ટ ફોન એપથી લિન્ક કરી દે છે. સાથે સાથે તમામ વિગત સારી રીતે આપે છે. તેમાં ઓટો સ્લીપ મોનિટરિગ પણ છે. તમે બેન્ડના જુદા જુદા રંગોમાંથી મનપસંદ રંગની પસંદગી કરી શકો છો. તેના સિંગલ ચાર્જ એક મહિનાથી વધારે સમય સુધી યોગ્ય રીતે કામ કરે છે. વિવો સ્માર્ટ પણઁ શાનદાર સાધન તરીકે છે. વિવોસ્માર્ટ એચઆર ખુબ શાનદાર બેન્ડ છે. તેમાં કન્ટીન્યુઅસ હાર્ટ ટ્રેકિંગ ફિચર રહેલા છે. તેમાં ટચ ડિસ્પ્લે છે. જે આપની એક્ટિવિટી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે. આ નોટિફિકેશન દર્શાવવા માટે આપના સ્માર્ટ ફોન સાથે કનેક્ટ થઈ શકે છે. તેમાં એક મુવબાર હોય છે. જે આપને લાંબા સમય સુધી બેઠા રહેવાની સ્થિતીમાં ચારે બાજુ ફરવા માટે રિમાઈન્ડ કરે છે. કેટલાક લોકો ફિટનેસ બેન્ડ અને અન્ય ઘડિયાળ પહેરવાનુ પસંદ કરે છે. ફિટબિટ બ્લેજ આનો જવાબ તરીકે છે. આ ફિટનેસ પર કેન્દ્રિત સ્માર્ટ વોચ તરીકે છે. આમાં કન્ટીન્યુઅસ હાર્ટ રેટ ટ્રેકિંગ કલર એક્ટિવીટી અને સ્લીપ ટ્રેકિગ છે. તેમાં જુદી જુદી એક્ટિવીટીની ટ્રેકિંગ માટે ડેડીકેટેડ મોડસ છે. સિંગલ ચાર્જ કરવા પર બેટરી પાંચ દિવસ સુધી ચાલે છે. કેટલાક સાધન બ્લડપ્રેસરના પરિણામ ને દર્શાવે છે. વિગિદ્સ સ્માર્ટ ફોન એપથી પોતાની રીતે સિન્ક કરીને માહિતી આપે છે. વિદિગ્સ વાયરલેસ બ્લડ પ્રેશર મોનિટર પણ ઉપયોગી ટેકનોલોજી ટુલ્સ તરીકે છે. મોનિટરને પોતાના હાથમાં સ્લીપ ઓન કરવામાં આવ્યા બાદ પોતાની રીતે સ્માર્ટ ફોન પર હેલ્થ મેટ એપ લોંચ કરીને માહિતી પુરી પાડશે. આ તબક્કાવાર રીતે દિશા નિર્દેશ આપે છે. કઈ રીતે યોગ્ય રીતે બ્લડપ્રેશર માપવામાં આવે તે બાબત ઉપયોગી છે. એપથી લિન્ક થનાર ડેટા ચાર્ટ તરીકે દર્શાવવામાં આવે છે. વિથિગ્સ બોડી પણ ઉપયોગી ટેકનોલોજી સાધન તરીકે છે. તે વેટિંગ સ્કેલ બાયોમેટ્રિક ઈમ્પેડેન્સ ટેકનિક પર કામ કરે છે. આના કારણે આપના શરીરના મુલ્યાંકન કરવામાં આવે છે. તે કંપનીના પોઝિશન કન્ટ્રોલ ટેકનોલોજી સાથે સજ્જ હોય છે. તે યુજરને ગાઈડ કરે છે. સ્કુલ પર કઈ રીતે ક્યાં ઉભા થવામાં આવે તે અંગે તે માહિતી આપે છે. યોગ્ય માપ મળી શકે તે માટે આ સાધન પણ ઉપયોગી છે.

લોકોની ભાગદોડની લાઈફને ધ્યાનમાં લઈને કેટલીક કંપનીઓ હવે એવા સાધન બનાવવામાં ધ્યાન આપી રહી છે જેના કારણે વ્યક્તિની ફિટનેસને પણ જાળવી શકાય. આ પ્રકારના સાધનોના નિર્માણ પર જંગી નાણાં ખર્ચ કરવામાં આવી રહ્યા છે. મોટા ભાગની કંપનીઓ હેલ્થ સાથે સંબંધિત અલગ અલગ પ્રકારના ટેકનોલોજી સાધન તૈયાર કરી લીધા છે. જેની અસર દેખાઈ પણ રહી છે. ફિટનેસને લઈને આને કારણે ફાયદો પણ થઈ રહ્યો છે. આ પ્રકારના સાધન ખરીદવા માટે ઉત્સુકતા પણ વધી રહી છે.



**પારંપરિક ફુડ કરતા આ ફુડમાં ૫૦ ટકા સુધી વધારે પૌષ્ટિક તત્વો...**

**શરીરને નુકસાન પણ ધીમી ગતિએ થાય છે પરંતુ હાલના સમયમાં પેદાશને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ થઇ રહ્યો છે તે બાબતથી તમામ લોકો વાકેફ પણ થવા લાગ્યા છે**

# ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને

**ઓર્ગેનિક ફુડની પેદાશમાં કદ વધારી દેવા માટે કોઇ પણ પ્રકારના કેમિકલ્સનો પ્રયોગ કરવામાં આવતો નથી તે તમામ લોકો જાણે છે**




તાજેતરમાં જ કરવામાં આવેલા એક રિસર્ચમાં કહેવામાં આવ્યુ છે કે પાકમાં ઉપયોગ કરવામાં આવતા પેસ્ટીસાઈડ્સ શરીરના હાર્મોનના સંતુલનને બગાડી કાઢે છે અને નુકસાન પહોંચાડે છે. એટલુ જ નહીં આ જીન પર પણ પ્રતિકુળ અસર કરે છે. તેના પર નકારાત્મક અસર કરે છે. હાલના દિવસોમાં બજારમાં રહેલા મોટા ભાગના ફળ અને શાકભાજીના ઉત્પાદનને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે શરીરને ખરુબ વધારે નુકસાન પહોંચાડે છે. આ બાબતની સામાન્ય લોકોને વહેલી તકે માહિતી મળતી નથી.

શરીરને નુકસાન પણ ધીમી ગતિએ થાય છે પરંતુ હાલના સમયમાં પેદાશને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે તે બાબતથી તમામ લોકો વાકેફ પણ થવા લાગ્યા છે. કેટલીક વખથ સંબંધિત વિભાગના અધિકારીઓ દરોડા પાડીને આ સંબંધમાં માહિતી પણ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વિકલ્પ તરીકે ઓર્ગેનિક ફુડની પસંદગી કરી શકાય છે. હાલના દિવસોમાં વધતી જતી આરોગ્યની સમસ્યાના કારણે લોકો હવે ઓર્ગેનિક ફુડની તરફ આકર્ષિત થઈ રહ્યા છે. નિષ્ણાંતો પણ હવે તેને ડાયટમાં સામેલ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. કારણ કે તે પૂર્ણ રીતે કેમિકલ ફ્રી છે. સાથે સાથે ફળ અને શાકભાજીના કુદરતી ટેસ્ટ પણ આપે છે. એટલે કે ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને મળે છે.

ઓર્ગેનિક ફુડ શુ છે તે અંહે લોકોને વધારે માહિતી નથી. પરંતુ આ અંગે માહિતી સામાન્ય લોકો રાખે તે જરૂરી છે. ઓર્ગેનિક ફુડની વાત કરવામાં આવે તો તે રસપ્રદ છે. ઓર્ગેનિક ફુડની સૌથી મોટી બાબત એ છે કે આમાં પેદાશને વધારી દેવા અથવા તો પેદાશના કદને વધારી દેવા માટે કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. ઓર્ગેનિક ફુડ એ ફુડ હોય છે જે કેમિકલ ફ્રી હોય છે. તેમની પેદાશમાં કોઈ પણ પ્રકારના કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેમાં રાસાયણક ખાતર અથવા તો પેસ્ટીસાઈડનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેની પેદાશ અને કદને વધારી દેવા માટે બિનજરૂરિ પ્રયોગો કરવામાં આવતા નથી. આ શાકભાજી અને ફળોનુ ઉત્પાદન કરવા માટે જૈવિક ખેતી કરવામાં આવે છે. આને જૈવિક ખેતી તરીકે પણ લોકો ગણે છે. બજારમાં ઉપલબ્ધ મોટા ભાગના ફળ અને શાકભાજી દેખાવવામાં ફ્રેશ લાગે છે. પરંતુ તે જરૂરી નથી કે ઓર્ગેનિક જ હોય. ઓર્ગેનિક ફુડ સર્ટિફાઈડ હોય છે. અથવા તો તેમના પર સ્ટિકર લાગેલા હોય છે. જેમ કે સામાન્ય મશાલાની સરખામણીમાં તેમાં આંશિક રીતે ગંધ વધારે પ્રમાણમાં હોય છે. સૌથી જરૂરિ અને મહત્વપૂર્ણ બાબત એ છે કે તેમાં જેરી તત્વો હોતા નથી. કારણ કે તેમાં કેમિકલ્સ , પેસ્ટીસાઈડ્સ, ડ્રગ્સ, પ્રિજવર્ટેવિ જેવી નુકસાન પહોંચાડનાર ચીજોનો ઉપયોગ કરવામાં આવતો નથી. મોટા ભાગના પેસ્ટીસાઈડ્સમાં ઓર્ગેનો-ફાસ્ફોરસ જેવા કેમિકલ હોય છે. જેમાં કેટલીક પ્રકારન બિમારીનો ખતરો રહેલો હોય છે.

આ શરીર માટે ખુબ લાભદાયક છે. પારંપરિક ફુંડની તુલનામાં આ ફુડમાં ૧૦ ટકાથી લઈને ૫૦ ટકા સુધી વધારે પ્રમાણમાં પૌષ્ટિક તત્વો હોય છે. તેમાં પ્રોટીન, વિટામિન, કેલ્શિયમ, મિનરલ્સ, આયરનનો સમાવેશ થાય છે. તેમાં રહેલા પૌષક તત્વો હાર્ટને લગતી બિમારી, બ્લડ પ્રેશર, ડાયબિટીસ અને કેન્સર જેવી બિમારીથી રક્ષણ આપે છે.

ઓર્ગેનિક ફર્મસમાં પેદાશ થનાર ફળ અને શાકભાજી વધારે એન્ટી ઓક્સીડન્ટ હોય છે. કારણ કે તેમાં પેસ્ટીસાઈડ્સ તો હોતા નથી. જેના કારણે તેમાં પૌષક તત્વો અકબંધ રહે છે. જે શરીર માટે ફાયદાકારક સાબિત થાય છે. એન્ટી ઓક્સીડેન્ટ વધાર હોવાથી શરીરને રોગોની સામે લડવાની તાકાત વધારે આપે છે. ઓર્ગેનિક ફુડમાં સામાન્ય રીતે પેદા કરવામાં આવતા પાકની તુલનામાં વધારે પૌષક તત્વો હોય છે. ઓર્ગેનિક ફુડ ચરબી વધતા પણ રોકે છે. ઓર્ગેનિક ફુડના મહત્વને હવે લોકો વધુ સમજી રહ્યા છે. કારણ કે શારરિક સમસ્યા હવે વધવા લાગી ગઈછે.



**બી અવેયર : તમામ પ્રકારની રિકવરી પણ પણ ઝડપથી થાય છે...**

**સ્વિમિંગ વર્કઆઉટમાં બ્રેસ્ટ સ્ટ્રોક, સાઇડ સ્ટ્રોક, બટરફ્લાય અને ફ્રી સ્ટાઇલ સામેલ હોય છે દરેક સ્ટ્રોક્સનુ ફોક્સ અલગ અલગ મસલ ગ્રુપ્સ પર હોય છે અલબત્ત પાણીમાં શરીરને મુવ કરવા માટે લગાવવામાં આવતા દરેક સ્ટ્રોકમાં વધુને વધુ મસલ ગ્રુપ્સ સામેલ હોય છે**

# સ્વિમિંગથી સમગ્ર શરીરની કસરત

**સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઇને હાર્ટ સુધી લાભકારી સાબિત થઇ શકે છે : નિષ્ણાંતો પણ માને છે**



